ક્ર. જીયુવીએનએલ-ટેક-ડી-ટી-એસસી-૧૦૬૭, તા.૧૧.૫.૧૧

ફેકસ દ્વારા

પ્રતિ,

મેનેજીંગ ડીરેકટરશ્રી

મધ્ય / દક્ષિણ / ઉત્તર / પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી

કોર્પોરેટ આફિસ - વડોદરા - સુરત - મહેસાણા - રાજકોટ

વિષય -નવા વીજ જોડાણ, લોડ વધારો, શીફટીંગ માટે સર્વીસલાઇન, ટ્રાન્સફોર્મર સેન્ટર અને સર્વીસ કનેકશન પેટે કરવાની થતી વસુલાત.

સંદર્ભ -૧) જીયુવીએનએલ-ટેક- જીઇઆરસી-૨૭૦૪-૩૦.૧૨.૧૦, ૧૨.૧.૧૧, ૨૧.૧.૧૧ અને ૧૧.૩.૧૧

સંભવિત હળવા દબાણના ગ્રાહકો પાસેથી વીજ જોડાણના ખર્ચની વસુલાત માટે મા. આયોગને તા. ૬.૧૨.૧૦ ના પત્રાંક - જીયુવીએનએલ -ટેક-૨૬૫૮ થી તમામ વીજ વિતરણ કંપનીઓ વતી ટોરેન્ટ પાવર લી. ની રીતે વસુલાત કરવા વિનંતી કરવામાં આવી હતી. એ અન્વયે જીઇઆરસી દ્વારા તા. ૩૦.૧૨.૧૦ ના પત્રાંક - જીઇઆરસી-ટેક-૨૦૧૦-૨૦૬૬ દ્વારા સદર મંજૂર કરવામાં આવેલ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ની સંલગ્ન વીજ વિતરણ કંપનીઓને તા. ૩૦.૧૨.૧૦ ના પત્રથી તેની જાણ કરવામાં આવેલ.

ત્યાર બાદ તા. ૧૨.૧.૧૧ ના પત્રથી મા. આયોગને વિનંતી કરવામાં આવી કે. તા. ૩૦.૧૨.૧૦ ની મંજૂરીમા થોડા ફેરફાર કરવા અને વીજ વિતરણ કંપનીઓને મુકત વર્ગ પાસેથી ધારાધોરણો પ્રમાણે વાસ્તકવિક ખર્ચ વસુલ કરવા દેવામાં આવે. KW આધારિત વસુલાત માટે વીજ વિતરણ કંપનીઓ દ્વારા જીયુવીએનએલ પાસેથી કેટલાક મુદાઓ માટે માર્ગદર્શન માંગેલ અને જીયુવીએનએલ દ્વારા એ પુરૂ પાડવામા આવેલ.

મુકત - અને બીન મુકત વર્ગ માટે વસુલાત માટે ચાલી રહેલ વિવિધ રીતો બાબતે ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા તારણ કરવામાં આવ્યુ કે. વીજ વિતરણ કંપનીઓએ મંજૂર થયેલ KW આધારિત વસુલાત તમામ વર્ગ પાસેથી કરવી.

ઉપરોકત બાબતો ધ્યાને લેતાં ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા મંજૂર કરાયેલ KW આધારિત વસુલાત તા. ૩૦.૧૨.૧૦ થી અમલી બને એ રીતે, કૃષિ તત્કાલ અને રાજય સરકારે મંજૂર કરલ તમામ યોજના સિવાય તમામ વર્ગના સંભવિત નવા ગ્રાહકો. વીજ ભાર વધારા, શીફટીંગ પીડીસી રી - કનેકશન, માટે વસુલવાના રહેશે.

ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા માન્ય કરાયેલ દરો નીચે પ્રમાણે છે.

| ક્રમ | KW | રૂા. |
|---|---|---|
| ૧ | ૨ KW થી વધુ નહીં | ૩૫૦૦ |
| ૨ | ૨ KW થી વધુ પણ ૬ KW થી વધુ નહીં. | ૫૦૦૦ |
| ૩ | ૬ KW થી વધુ પણ ૧૨ KW થી વધુ નહીં. | ૮૫૦૦ |
| ૪ | ૧૨ KW થી વધુ પણ ૨૦ KW થી વધુ નહીં. | ૧૪૫૦૦ |
| ૫ | ૨૦ KW થી વધુ પણ ૪૦ KW થી વધુ નહીં. | ૨૦૦૦૦ |
| ૬ | ૪૦ KW થી વધુ પણ ૬૦ KW થી વધુ નહીં. | ૩૦૦૦૦ |
| ૭ | ૬૦ KW થી વધુ પણ ૮૦ KW થી વધુ નહીં. | ૬૦૦૦૦ |
| ૮ | ૮૦ KW થી વધુ પણ ૧૦૦ KW થી વધુ નહીં. | ૯૦૦૦૦ |

રાજય સરકાર દ્વારા મંજૂર કરાયેલ યોજનાઓ અને કેન્દ્ર સરકારના અનુદાનીત યોજનાઓ માટે તથા કૃષિ તત્કાલ માટેની વસુલાતો સબંધિત યોજનાના ધારા ધોરણ પ્રમાણે કરવાની રહેશે.

વધુમા, માળખાગત સુવિધાઓના કિસ્સાઓમાં, જો વિકાસકારે જો માત્ર વીજળીકરણ, અને નવા વીજ જોડાણોની માંગણી કરેલ ન હોય તો અરજદારો પાસેથી વીજળીકરણના પુરી રકમ વસુલ કરવી. વ્યકિતગત અરજદારે જો નવા જોડાણ માટે અરજ કરેલ હોય તો માળખાગત સુવિધા માટેના દરો વસુલ ન કરતા માત્ર ઉપર મુજબ દર વસુલ કરી વીજળીકરણનો વ્યાપ વધારવો.

વીજ વિતરણ કંપનીઓને જો KW આધારિત વસુલાતમાં વાસ્તવિક ખર્ચ કરતા ઓછી વસુલાત વર્તાય તો એ સંજોગોમાં વસુલાતના દર અને અન્ય પધ્ધતિની અલાયદી સમીક્ષા અરજી કરવાની રહેશે. આ સાથે વધુ માહિતી અર્થે ગુજરાત વીજ નિયમન પંચ ના તા. ૨૧.૪.૧૧ ના પત્ર ની નકલ સામેલ છે.

ઉપરોકત સુધારેલા દરો તાત્કાલીક અમલી બને એ બાબતે નોંધ લેશો. આ સાથે તા. ૧૨.૧.૧૧ ના પત્ર દ્વારા જણાવેલ મુકત વર્ગ માટેની વસુલાતના ધારા ધોરણો રદ થાય છે. પાછલા કોઇ પણ કિસ્સાઓની પુનઃ સમીક્ષા થઇ શકશે નહીં.

આપનો વિશ્વાસુ,

મુખ્ય ઇજનેર (ટેક)

નકલ સાદર રવાના –

૧) અગ્ર સચિવશ્રી ઉ અને પે વિભાગ ગાંધીનગર

૨) મેનેજીંગ ડીરેકટરશ્રી જીયુવીએનએલ વડોદરા

૩) સચિવશ્રી ગુજરાત વીજ નિયમન પંચ, ૧-માળ, નેપચ્યુન ટાવર, નહેરુ બ્રીજ સામે અમદાવાદ

૪) એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી (ફાઇનાન્સ) જીયુવીએનએલ વડોદરા

૫) એજીએમ (આઇટી) જીયુવીએનએલ વડોદરા

૬) અધિક્ષક ઇજનેર (લાયઝન) ઉ અને પે વિભાગ ગાંધીનગર